| | | |
|---|---|---|
| GJGS020010192025 | કેસ દાખલ તારીખ | ૧૨/૦૩/૨૦૨૫ |
| | કેસ નોંધ્યા તારીખ | ૧૨/૦૩/૨૦૨૫ |
| | કેસ ફેસલ તારીખ | ૩૦/૦૩/૨૦૨૬ |
| | સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૦૧ ૦૦ ૧૮ |

==================================================

**FORM-A**

**વેરાવળના મે. એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની**

**કોર્ટ સમક્ષ, મુ. વેરાવળ**

**(શ્રી જે. એ. રાણા)**
**એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, વેરાવળ,**

**(ચુકાદાની તારીખ : ૩૦/૦૩/૨૦૨૬)**

**ફોજદારી કેસ નં. ૬૧૮/૨૦૨૫**

**પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૧૧૮૬૦૦૪૨૪૦૯૦૬/૨૦૨૪**

==================================================

| | |
|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર |
| પ્રતિનિધી કરનાર | વિ.એ.પી.પી.શ્રી આઇ. એચ. તુર્ક. |
| **–:: વિરૂધ્ધ ::–** | |
| આરોપી | યશભાઇ સતિષભાઇ ચાવડા,<br>ઉ. વ. ૨૦, ધંધો : રીક્ષા ડ્રાઇવીંગ,<br>રહે. પ્રભાસ પાટણ, હિરેન નદી પાસે,<br>તા. વેરાવળ, જી. ગીર–સોમનાથ. |
| પ્રતિનિધી કરનાર | વિ.વકીલશ્રી એસ. આઇ. સીડા. |

## FORM-B

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૧૮/૧૨/૨૦૨૪ |
| ફરિયાદની તારીખ | ૧૮/૧૨/૨૦૨૪ |
| ચાર્જશીટ દાખલ કર્યા તારીખ | ૧૨/૦૩/૨૦૨૫ |
| તહોમતનામું ઘડયા તારીખ | ૦૧/૧૦/૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૧૭/૧૦/૨૦૨૫ |
| ચુકાદો અનામત રાખ્યા તારીખ | –– |
| ચુકાદાની તારીખ | ૩૦/૦૩/૨૦૨૬ |
| સજાનો હુકમ કર્યાની તારીખ જો હોય તો | –– |

## –આરોપીની વિગત–

| આરોપીનો અનુ. નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર | શું સજા કરી | B.N.N.S. કલમ–૪૬૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | યશભાઇ સતિષભાઇ ચાવડા | – | – | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ | નિર્દોષ | – | – |

**FORM-C**

**ફરિયાદ પક્ષ/બચાવપક્ષ/કોર્ટના સાહેદનું લીસ્ટ**

**(એ) ફરિયાદ પક્ષ તરફે મૌખિક પુરાવો :–**

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | ૦૮ | મેરામણભાઇ જેઠાભાઇ કોડીયાતરની જુબાની | પોલીસ સાહેદ |
| ૨. | ૧૦ | અયુફ સતાર મલેકની જુબાની | પંચ સાહેદ |
| ૩. | ૧૩ | જુબેરભાઇ હુશેનભાઇ ખોજાદાની જુબાની | પંચ સાહેદ |
| ૪. | ૧૭ | દિલાવરસિંહ ગોવિંદભાઇ વાળાની જુબાની | ફરિયાદી |
| ૫. | ૧૮ | બોદુભાઇ મોહબતભાઇ ભાલીયાની જુબાની | ત.ક.અ. |

**(બી) બચાવ પક્ષે જો સાહેદ :–**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| –– | –– | –– |

**(સી) કોર્ટ સાહેદ :–**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| –– | –– | –– |

**ફરિયાદ પક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–**

| અ. નં. | દસ્તાવેજને આપેલ આંક | વર્ણન |
|---|---|---|
| ૧. | ૦૯ | અસલ ફરિયાદ |
| ૨. | ૧૧ | બનાવવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ |

**બચાવ પક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–**

| અ. નં. | દસ્તાવેજને આપેલ આંક | વર્ણન |
|---|---|---|
| –– | –– | –– |

**કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–**

| અ. નં. | દસ્તાવેજને આપેલ આંક | વર્ણન |
|---|---|---|
| –– | –– | –– |

**મુદ્દામાલની વિગત :–**

| અ. નં. | આર્ટીકલ નં. | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧ | – | – |

**–:: જજમેન્ટ ::–**

**(૧) કેસની ટૂંકી હકીકત :–**

ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઇ તા. ૧૮/૧૨/૨૦૨૪ ના કલાક ૧૯:૫૫ વાગ્યે પ્રભાસ પાટણ જુના બસ સ્ટેન્ડ રોડ ઉપર પોતાના કબજા હવાલાવાળી બજાજ કંપનીની મેકસીમા રીક્ષા જે કાળા કલરની રીક્ષા હોય જેની આગળ પાછળ નંબર પ્લેટ જોતાં રજી. નં. જીજે–૧૨–બીટી–૦૮૯૯ વાળી પુરઝડપે અને બેફીકરાઇથી પોતાની તથા જાહેરમાં અવરજવર કરતા વાહન ચાલકો તથા રાહદારી માનવીની જીંદગી જોખમાઇ તે રીતે ચલાવી લાવી પકડાઇ જઇ ગુન્હો કરેલાનો આક્ષેપ છે.

**(૨) પોલીસ કાર્યવાહી :–**

ઉપરોકત ગુના સબબની ફરિયાદ આ કામના ફરિયાદીએ પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા તે આધારે ગુનાની તપાસ

કરનાર અધિકારી દ્વારા તપાસ સંભાળી લઇ જરૂરી પંચનામા કરી, લાગતા-વળગતા સાહેદોના જવાબો લઇ, આરોપીને અટક કરેલા અને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા અત્રેની કોર્ટમાં ચાર્જશીટ કરેલ છે.

(૩) **<u>ન્યાયિક કાર્યવાહી :-</u>**

આરોપી સામે ચાર્જશીટ રજુ થતાં આરોપી સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, આરોપીને સમન્સ/વોરંટ ધોરણસર બજી જતાં જેનાં અનુસંધાને આરોપી અત્રેની અદાલતમાં ઉપસ્થિત થયેલ. ત્યારબાદ આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૨૩૦ મુજબ ચાર્જશીટ તથા તમામ પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૨૬૩ અન્વયે આરોપીને ગુના અંગેની સમજ કરી, આરોપીનો આંક-૦૫ થી ગુના અંગેનો જવાબ નોંધતા, તેમાં આરોપીએ 'મને ગુનો કબુલ નથી' તેમ જણાવતા, સદર કામ આગળની ઈન્સાફી કાર્યવાહી સારૂ રાખવામાં આવેલ.

(૪) **<u>બચાવ પક્ષનો પુરાવો:-</u>**

ત્યારબાદ આ કામે ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ કોઈ વિશેષ પુરાવો રજુ કરવો નથી તેવું મૌખિક જાહેર કરેલ છે. આ કામે રજુ થયેલ ફરિયાદ પક્ષનો પુરાવો લક્ષમાં લેતા આરોપીનું વિશેષ નિવેદન નોંધવા પાત્ર પુરાવો ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) **<u>દલીલો:-</u>**

આ કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપી તરફે તેમના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી.

**(૬)** ઉપર મુજબની રૂપરેખા ધરાવતા આ કેસના આખરી નિકાલ સારૂ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>-:: મુદ્દાઓ ::-</u>**

**(૧)** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઇ તા. ૧૮/૧૨/૨૦૨૪ ના કલાક ૧૯:૫૫ વાગ્યે પ્રભાસ પાટણ જુના બસ સ્ટેન્ડ રોડ ઉપર પોતાના કબજા હવાલાવાળી બજાજ કંપનીની મેકસીમા રીક્ષા જે કાળા કલરની રીક્ષા હોય જેની આગળ પાછળ નંબર પ્લેટ જોતાં રજી. નં. જીજે-૧૨-બીટી-૦૮૯૯ વાળી પુરઝડપે અને બેફીકરાઇથી પોતાની તથા જાહેરમાં અવરજવર કરતા વાહન ચાલકો તથા રાહદારી માનવીની જીંદગી જોખમાઇ તે રીતે ચલાવી લાવી પકડાઇ જઇ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

**(૨)** શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) ‘‘ નકારમાં ’’

(૨) આખરી હુકમ મુજબ.

**<u>-:: કારણો :-</u>**

**<u>મુદ્દા નં. ૧ ની ચર્ચા :-</u>**

**(૮)** આ કામે ફરિયાદ પક્ષ તરફે સાહેદ-મેરામણભાઇ જેઠાભાઇ કોડીયાતરે આંક-૦૮ થી પોતાના સોગંદ ઉપરના પુરાવામાં

જણાવેલ છે કે, ‘‘ બનાવના અરસામાં અમો પ્રભાસ પાટણ પો.સ્ટે, ગીર–સોમનાથમાં ફરજ બજાવતા હતા ત્યારે અમો તથા બીજા પો. સ્ટાફના માણસો જૂના બસ રોડ પાસે પેટ્રોલીંગમાં હતા ત્યારે એક ઇસમ બજાજ મેકસી રીક્ષા પુરપાર ઝડપે અને બેફીકરાઇ રીતે ચલાવતા હોય તેમને હાથનો ઇશારો કરી ઉભા જેથી બે પંચોના માણસો બોલાવી તેનું નામ પુછતા યશ સતિષભાઇ ચાવડા હોવાનું જણાવેલ તેના રીક્ષાના નંબર પુછતા જીજે–૧૨–બીટી–૦૮૯૯ નો હતો. જે પંચો રૂબરૂ પંચનામું કરેલ અને આરોપી વિરૂધ્ધ દિલાવરભાઇ ગોવિંદભાઇ ફરિયાદ આપેલ જે ફરિયાદમાં તેમની સહી છે જે ઓળખી બતાવું છું. જે આંક–૦૯ થી રજૂ છે. આરોપી આજ રોજ નામદાર કોર્ટમાં હાજર નથી હાજર હોય તો ઓળખી શકું.’’

સદર સાહેદની બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્ધારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબૂલ કરેલ છે કે, ‘‘ એ વાત ખરી છે કે, નો પાર્કીગનું કોઇ જાહેરનામુ આ કામે રજૂ કરેલ નથી. એ વાત ખરી નથી કે, કામગીરી બતાવવા માટે ખોટી ફરિયાદ કરેલ છે.’’

(૯) આ કામે ફરિયાદ પક્ષ તરફે પંચ સાહેદ–અયુફ સતાર મલેકે આંક–૧૦ થી પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, ‘‘પોલીસે મારી તૈયાર લખેલા કાગળોમાં સહી લીધેલી તે સિવાય કશું હું જાણતો નથી. મને પંચનામું બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે જે આંક–૧૧ થી રજૂ છે. ’’

સદર પંચ સાહેદની બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્ધારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબૂલ કરેલ છે કે, ‘‘ એ વાત ખરી છે કે, મે તૈયાર લખેલા કાગળોમાં સહી કર્યા સિવાય બીજી કોઇ હકીકત જાણતો નથી. ’’

(૧૦) આ કામે ફરિયાદ પક્ષ તરફે પંચ સાહેદ–જુબેરભાઇ હુશેનભાઇ ખોજાદા આંક–૧૩ થી પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, ‘‘ હું રીક્ષા લઈને ઉભો હતો ત્યારે પોલીસે મારી તૈયાર લખેલા કાગળમાં સહી લીધેલી. તેમાં શું લખેલું હતું તેની મને ખબર નથી. મારા રૂબરૂ કોઈ રીક્ષાનું પંચનામું કરવામાં આવેલું હોય, તેવું બનેલુ નથી. મને આંક–૧૧ વાળું પંચનામું બતાવવામાં આવે છે, જેમાં મારી સહી છે, જે ઓળખી બતાવું છું.’’ સદર પંચ સાહેદ ફરિયાદ પક્ષના કેસને તથા પંચનામાની હકીકતોને સમર્થન આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદર પંચ સાહેદને ફરી ગયેલ જાહેર કરી અને ફરિયાદ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સદર પંચનામાની હકીકતોને તથા ફરિયાદ પક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી.

સદર પંચ સાહેદની બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબૂલ કરેલ છે કે, ‘‘ એ વાત ખરી છે કે, મે માત્ર એક તૈયાર લખેલા કાગળમાં સહી કરેલી, તે સિવાય બીજું કંઈ જાણતો નથી.’’

(૧૧) આ કામે ફરિયાદ પક્ષ તરફે ફરિયાદી–દિલાવરસિંહ ગોવિંદભાઇ વાળાએ આંક–૧૭ થી પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, ‘‘ બનાવના અરસામાં અમો પ્રભાસ પાટણ પો. સ્ટે. ગીર–સોમનાથમાં ફરજ બજાવતા હતા ત્યારે અમો તથા બીજા પો. સ્ટાફના માણસો જુના બસ રોડ પાસે પેટ્રોલીંગમાં હતા ત્યારે એક ઈસમ બજાજ મેકસી રીક્ષા પુરપાટ ઝડપે અને બેફીકરાઇ રીતે ચલાવતા હોય તેમને હાથનો ઈશારો કરી ઉભા જેથી બે પંચોના માણસો બોલાવી તેનું નામ પુછતા યશ સતિષભાઇ ચાવડા હોવાનું જણાવેલ તેના રીક્ષાના નંબર પુછતા જીજે–૧૨–બીટી–૦૮૯૯ નો હતો. જે પંચો રૂબરૂ પંચનામું કરેલ અને આરોપી વિરૂધ્ધ અમોએ ફરિયાદ આપેલી. ’’

સદર ફરિયાદીની બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબૂલ કરેલ છે કે, '' એ વાત ખરી છે કે, નો પાર્કીંગન કોઈ જાહેરનામું આ કામે રજૂ કરેલ નથી. એ વાત ખરી નથી કે, કામગીરી બતાવવા માટે ખોટી ફરિયાદ કરેલ છે.''

**(૧૨)** આ કામે ફરિયાદ પક્ષ તરફે સાહેદ–ત.ક.અ. બોદુભાઈ મોબતભાઈ ભાલીયાએ આંક–૧૨ થી પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે,''બનાવના અરસામાં અમો પ્રભાસ પાટણ પો.સ્ટે., ગીર–સોમનાથમાં ફરજ બજાવતા હતા ત્યારે અમો તથા બીજા પો. સ્ટાફના માણસો જુના બસ રોડ પાસે પેટ્રોલીંગમાં હતા ત્યારે એક ઈસમ બજાજ રીક્ષા પુરપાર ઝડપે અને બેફીકરાઈ રીતે ચલાવતા હોય તેમને હાથનો ઈશારો કરી ઉભા જેથી બે પંચોના માણસો બોલાવી તેનું નામ પુછતા યશ સતિષભાઈ ચાવડા હોવાનું જણાવેલ તેના રીક્ષાના નંબર પુછતા જીજે–૧૨–બીટી–૦૮૯૯ નો હતો. જે પંચો રૂબરૂ પંચનામું કરેલ અને અમોને સદર કામની તપાસ મળતા અમોએ તપાસ સંભાળેલી અને અમોએ લાગતા–વળગતા સાહેદોના નિવેદનો નોંધેલા અને મારી તપાસના અંતે પુરતો પુરાવો જણાતા આરોપી વિરૂધ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને જોયેથી ઓળખી શકે.''

સદર સાહેદની બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબૂલ કરેલ છે કે, '' એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાએ જાહેર રસ્તો છે. એ વાત ખરીછે કે, પાર્કીંગ બાબતેનું કોઈ જાહેરનામું આ કામે મેળવેલું નહીં. એ વાત ખરી નથી કે, કામગીરી બતાવવા સારૂ ખોટી ફરિયાદ કરેલી છે અને તેના સમર્થનમ ખોટી તપાસ કરી ખોટું ચાર્જશીટ કરેલું છે.''

(૧૩) **<u>પુરાવાનું મુલ્યાંકન :–</u>**

ઉપરોકત સમગ્ર વિગતે ફરિયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, આ કામે ફરિયાદ પક્ષે આંક–૧૭ થી

ફરિયાદી–દિલાવરસિંહ ગોવિંદભાઇ વાળા પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૦૯ વાળી ફરિયાદ હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલ છે. તે જ રીતે આંક–૦૮ થી સાહેદ–મેરામણભાઇ જેઠાભાઇ કોડીયાતર પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ફરિયાદ પક્ષની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલ છે. તે જ રીતે આંક–૧૮ થી સાહેદ –ત.ક.અ. બોદુભાઈ મોહબતભાઈ ભાલીયા પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં પોતે હાલના ગુન્હાના કામે તપાસ દરમ્યાન કરેલ કાર્યવાહીનું વિગતવાર વર્ણન કરી ફરિયાદ પક્ષની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલ છે. જયારે આ કામે આંક–૧૦ થી પંચ સાહેદ–અયુફ સતાર મલેક તથા આંક–૧૩ થી પંચ સાહેદ–જુબેરભાઇ હુશેનભાઇ ખોજાદા પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૧૧ વાળા પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી અને માત્ર પંચનામામાં સહી કરેલ હોવાનું જણાવેલ છે. આ કામે ફરિયાદી પક્ષના પોલીસ સાહેદોનો પુરાવો નોધવામાં આવેલ છે અને તેઓના પુરાવાથી સદર આરોપીએ જાહેર રોડ ઉપર પોતાના હવાલાવાળું વાહન ઓટો રીક્ષા ગફલતભરી રીતે અને બેફીકરાઈથી માણસોની જીંદગી જોખમાય તે રીતે ચલાવેલ હોય તેવી હકીકત જણાવે છે, જયારે પંચ સાહેદો જે તેમની સાથે હાજર હતા તેઓએ સમર્થન આપેલ ન હોય ત્યારે ફરિયાદીની ફરિયાદ હકીકત અને અન્ય પોલીસ સાહેદના પુરાવાને પંચ સાહેદોનો પુરાવો ફરિયાદ પક્ષ સમર્થન કરતો ન હોય ત્યારે પોલીસ સાહેદોના એકલાના પુરવાથી આરોપીને સજા કરી શકાય નહીં. આમ, આ કામે રજૂ થયેલ ઉપરોકત સમગ્ર પુરાવો જોવામાં આવે તો પંચ સાહેદોના પુરાવાથી ફરિયાદ પક્ષના કેસની હકીકતને કે પંચનામાની હકીકતને કોઈ સમર્થન મળતું નથી તેમજ પુરાવાને ધ્યાનમાં લેતા બનાવવાળી જગ્યાએ સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેમ હોવાનું ફલિત થાય છે તેમ છતાં આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધવા માં આવેલ નથી કે સાહેદ તરીકે પણ તેઓનું નામ ચાર્જશીટ માં દર્શાવવામાં આવેલ નથી. આ ઉપરાંત સદર સાહેદોના પુરાવાને

ધ્યાનમાં લેતાં આ કામના આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આચરેલ હોવાનું ફરિયાદ પક્ષ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું માનું છું. આ સંજોગોમાં **મુદ્દા નં. ૧** નો નિર્ણય "**નકારમાં**" ઠરાવી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા ન્યાયોચિત જણાતું હોય **મુદ્દા નં. ૨** પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

(૧) આ કામના આરોપી યશભાઈ સતિષભાઈ ચાવડા, ઉ. વ. ૨૦, ધંધો : રીક્ષા ડ્રાઈવીંગ, રહે. પ્રભાસ પાટણ, હિરેન નદી પાસે, તા. વેરાવળ, જી. ગીર-સોમનાથ વાળાને બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૮(૧) હેઠળ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવા માં આવે છે.

(૨) આ કામના આરોપીના જાત મુચરકા તથા જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે અને બી. એન. એસ.એસ.ની કલમ-૪૮૧ મુજબ આરોપીએ રૂા. ૨૦૦૦/- ના આગામી છ મહિનાના સમય માટેના નવા જામીન તથા જાત મુચરકા રજૂ કરવા.

હુકમ આજ તા. ૩૦મી, માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : વેરાવળ.
તારીખ : ૩૦/૦૩/૨૦૨૬

**(જીતેન્દ્રસિંહ અભેસિંહ રાણા)**
એડીશ્નલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
વેરાવળ
**(કોડ નં. જીજે૦૧૩૩૮)**